પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૭ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૯, બુધવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

મધ્ય ગુજરાતમાં મુશળધાર વરસાદ

છોટાઉદેપુરમાં આઠ ઇંચ : પાવીજેતપુર અને ક્વાંટમાં પણ સાત ઇંચ વરસાદ ખાબકયો : ભારે વરસાદના લીધે અનેક વિસ્તારો જળબંબાકાર : જનજીવન ઉપર અસર ભારે વરસાદની ચેતવણી અકબંધ : તંત્ર દ્વારા સાવચેતીના શ્રેણીબદ્ધ પગલાઓ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં મોનસુન ફરી એકવાર જોરદારરીતે સક્રિય થઇ ગયું છે જેના લીધે વિવિધ વિસ્તારોમાં અતિભારે વરસાદનો દોર જારી રહેતા અનેક વિસ્તારો જળબંબાકાર થઇ ગયા છે. છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને સુરતમાં અતિભારે વરસાદ થયો છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારો તેમજ ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં પણ વરસાદ થયો છે જ્યારે સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. જેસલમેર, સવાઈમોધોપુર, રોડકેલા, બાલાસોર મારફતે દરિયાઈ સપાટી ઉપર મોનસુન પસાર થઇ રહ્યું છે. આવી સ્થિતિમાં ભારે વરસાદ જારી રહેવાની શકયતા છે. છોટાઉદેપુરમાં આઠ ઇંચ અને

હાલોલમાં સાત ઇંચથી વધુ વરસાદ થયો છે. પાવીજેતપુર અને ક્વાંટમાં પણ ભારે વરસાદ થયો છે. આ ઉપરાંત આણંદ અને વડોદરામાં પણ ઉલ્લેખનીય વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે ગુજરાતમાં

મોડીરાતથી અમદાવાદ, સુરત અને વડોદરા સહિત અન્ય જિલ્લાઓમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. મેઘરાજાની મહેરના કારણે ફરી એકવાર ચોમાસાનો માહોલ અને ઠંડુ વાતાવરણ સર્જાયા હતા. સવારે છ થી બપોરે બે વાગ્યા સુધીમાં છોટાઉદેપુરમાં સૌથી વધુ આઠ ઇંચ અને પંચમહાલના હાલોલમાં પણ સાત ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. જેને પગલે આ પંથકોમાં અને તેની આસપાસના વિસ્તારોમાં નદી-નાળાઓ છલકાયા હતા. ભારે વરસાદના કારણે નદી કાંઠાના વિસ્તારોમાં અને ગામો એલર્ટ કરવામાં આવ્યા હતા. તાજેતરમાં અરબી સમુદ્રમાં વધુ એક સીસ્ટમ સક્રિય બનતા ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ગુજરાતમાં પાંચ દિવસ સુધી વરસાદી વાતાવરણ રહેવાની શકયતા છે. જો કે, પાંચ દિવસ બાદ ફરીથી વરસાદ સિસ્ટમ સક્રિય બને તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. તા.૨૯ ઓગસ્ટ સુધી ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડશે અને ત્યારબાદ બે

● અનુસંધાન પાન-૭ પર

ચિદમ્બરમે ઘણા દેશોમાં જંગી સંપત્તિ ખરીદી : ઇડીનો દાવો

નવી દિલ્હી,તા. ૨૭

ભૂતપૂર્વ નાણાંમંત્રી પી ચિદમ્બરમની મુશ્કેલીમાં સતત વધારો થઇ રહ્યો છે. આઈએનએક્સ મની લોન્ડરિંગ કેસમાં તપાસનો સામનો કરી રહેલા ચિદમ્બરમ ઉપર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા હવે વિદેશમાં પણ મોટાપાયે સંપત્તિ બનાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઇડીનું કહેવું છે કે, કેસમાં સહઆરોપીઓની સાથે મળીને કોંગ્રેસના આ વરિષ્ઠ નેતાએ વિદેશમાં સંપત્તિને વેચી મારવા અને વિદેશી બેંક ખાતાને બંધ કરવાના પુરાવા સાથે પણ ચેડા કર્યા છે. આ અંગેની રજૂઆત ચિદમ્બરમના સંદર્ભમાં તપાસ સંસ્થાએ સુપ્રીમ કોર્ટમાં કરી દીધી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર એફિડેવિટમાં માંગ કરવામાં આવી છે કે

● અનુસંધાન પાન-૭ પર

ચિદમ્બરમ પર લાઈવ ડિટેક્ટર ટેસ્ટ કરવાની પણ તૈયારી

ચિદમ્બરમ સામે ઇડીની અરજી પર આજે સુનાવણી : રિમાન્ડના આદેશને પડકારતી અરજી સહિત બે અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી અધુરી જ રહી : ચિદમ્બરમને આંશિક રાહત પરંતુ મુશ્કેલી યથાવત

નવીદિલ્હી, તા. ૨૭

આઈએનએક્સ મિડિયા કેસમાં ફસાયેલા પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને આવતીકાલ સુધી આંશિક રાહત મળી ગઇ છે. ચિદમ્બરમને કસ્ટડીમાં લેવાવાળી ઇડીની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી પૂર્ણ થઇ શકી ન હતી. કાલે બુધવારના દિવસે મામલાની સુનાવણી થશે. ઇડીની અરજી ઉપર સુનાવણી દરમિયાન ચિમ્બરમના વકીલ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, ચિદમ્બરમની સામે જે પીએમએલએ કાનૂનના ભંગનો આક્ષેપ છે તે ૨૦૦૯માં આવ્યો હતો. આ આધાર પર તેમના અસીલ સામે કોઇ કેસ દાખલ થઇ શકે નહીં. બીજી બાજુ એવા અહેવાલ પણ આવ્યા છે કે, સીબીઆઈ આઇએનએક્સ કેસમાં ચિદમ્બરમને આરોપી નંબર વન બનાવી શકે છે. સાથે સાથે વિદેશી મૂડીરોકાણ બોર્ડ એફઆઈપીબી સાથે જોડાયેલા પાંચ અધિકારીઓની પુછપરછ પણ થઇ શકે છે. સિંઘવીએ આજે તર્કદાર દલીલો કરતા કહ્યું હતું કે, ચિદમ્બરમની સામે અપરાધના આરોપ ૨૦૦૭ના છે. આવી સ્થિતિમાં કાયદો ૨૦૦૯માં આવ્યો હતો જેથી એ કાયદાને આમા કઇ રીતે સામેલ કરી શકાય છે. સિંઘવીએ કહ્યું હતું કે, આરોપીની કસ્ટડી માટે ઇડી દ્વારા તમામ રસ્તા અપનાવવામાં આવી રહ્યા છે પરંતુ ઇડી પોતાની ચાલબાજીથી પાછલા બારણેથી દસ્તાવેજો રજૂ કરી શકે નહીં. જસ્ટિસ આર ભાનુમતિ અને જસ્ટિસ એએસ બોપન્નાની બનેલી બેંચ સમક્ષ ચિદમ્બરમ તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, આ સંદર્ભમાં તેઓએ એક અરજી દાખલ કરી છે જેમાં છેલ્લા વર્ષે ૧૯મી ડિસેમ્બર, પહેલી જાન્યુઆરી, ૨૧મી જાન્યુઆરી ૨૦૧૯ના દિવસે ચિદમ્બરમની કરવામાં આવેલી પુછપરછની વિગત છે. આના સંદર્ભમાં પુછપરછ સાથે સંબંધિત વિસ્તૃત માહિતી રજૂ કરવા ઇડીને આદેશ

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

નેતન્યાહુ ભારત આવશે

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં ભારત આવશે. આ દરમ્યાન તેઓ એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ (અવાક્સ) અને એર ટૂ એર ડર્બી મિસાઈલ ડીલ થવાની શક્યતા છે.

ફિરોજશાહ કોટલા સ્ટેડીયમનુ નામ બદલાશે

પૂર્વ નાણામંત્રી અને ભાજપના કદાવર નેતા અરૂણ જેટલીને શ્રદ્ધાંજલિ આપતા દિલ્હી અને જિલ્લા ક્રિકેટ સંઘે એક મોટો નિર્ણય કર્યો છે. હવે ફિરોજશાહ કોટલા સ્ટેડિયમ અરૂણ જેટલી સ્ટેડિયમના નામથી ઓળખાશે. ૧૨મી સપ્ટેમ્બરે નવુ નામકરણ થશે. તે પૈકી એક સ્ટેન્ડનુ નામ વિરાટ કોહલીના નામે પણ રખાશે.

ડ્રાઈવરો અને ઘરેલુ કામદારોને પીએફનો લાભ મળશે

ઘરોમાં સાફ-સફાઈ અને અન્ય કામ કરનારા ઘર નોકરો તથા ડ્રાઈવરોને પીએફ યોજનાનો લાભ મળી શકશે. શ્રમ મંત્રાલય ટૂંક સમયમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન સાથે જોડાયેલા કાનૂનમાં બદલાવ લાવવાનો પ્રસ્તાવ તૈયાર કરી રહી છે.

રામ-રહીમને પેરોલ નહી

ડેરા સચ્ચા સોદાના પ્રમુખ રામ રહીમની પેરોલ પર બહાર આવવાની આશાઓ તુટી ગઈ છે. કારણ કે હાઈકોર્ટે તે મામલે નકારાત્મક વલણ અપનાવ્યુ છે. રામ રહીમની પત્નિ હરજીત કૌરે રામ રહીમને ત્રણ સપ્તાહની પેરોલ આપવાની માંગણી કરી હતી.

મારૂતિ સુઝુકીએ ૩,૦૦૦ હંગામી કર્મચારીઓને નોકરીમાંથી હટાવ્યાં

મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના ચેરમેન આર સી ભાર્ગવે મંગળવારે જણાવ્યું હતું કે કંપનીએ ૩,૦૦૦ જેટલા હંગામી કર્મચારીઓના કોન્ટ્રાક્ટ્સને રિન્યુ કર્યા નથી. ભાર્ગવે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે હાલ કંપનીએ બજારમાં માંગ ઘટવાને કારણે આ નિર્ણય કર્યો છે.

શેરબજારમાં અવિરત તેજી : વધુ ૧૪૭ પોઈન્ટનો સુધારો નોંધાયો

સરકારને ૧.૭૬ લાખ કરોડ આપવાના નિર્ણયની અસર : બેંકિંગ, એનબીએફસી, ઓટો મોબાઇલના શેરમાં તીવ્ર તેજી જામી : અમેરિકા અને ચીન વચ્ચે વેપાર મંત્રણા ફરીથી શરૂ થવાની આશા ઉજળી બનતા તેજી

મુંબઇ, તા.૨૭

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૪૭ પોઇન્ટ સુધરીને ૩૭૬૪૧ની સપાટીએ રહ્યો હતો. તાતા મોટર્સ, તાતા સ્ટીલ, યશ બેંક, એનટીપીસીના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો જ્યારે ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસીસ અને ટીસીએસમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. બીજી બાજુ નિફ્ટીમાં ૪૮ પોઇન્ટનો સુધારો રહેતા તેની સપાટી ૧૧૧૦૫ નોંધાઈ હતી. જો કે, ઇન્ફોર્મેશન ટેકનોલોજીના શેરમાં મંદી અને ડોલર સામે રૂપિયામાં ઘટાડો થતાં વધુ તેજી પર બ્રેક મુકાઈ હતી. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ મંત્રણા ટુંકમાં શરૂ થઈ રહી છે આવી આશા વચ્ચે મૂડીરોકાણકારો આશાસ્પદ દેખાઈ રહ્યા છે. સેક્ટરલ ઇન્ડેક્સની વાત કરવામાં આવે તો જાહેર ક્ષેત્રની બેંકો, એનબીએફસી, ઓટો મોબાઇલ અને મેટલના શેરમાં તેજી રહી હતી. નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સમાં ૨.૫૧ ટકા જ્યારે નિફ્ટી મેટલ ઇન્ડેક્સમાં ૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. નિફ્ટી આઈટી ઇન્ડેક્સમાં સૌથી વધુ ૧.૩૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં સ્મોલકેપમાં મિડકેપ કરતા સારી સ્થિતિ રહી હતી. શેરબજારમાં આજે ઉથલપાથલ રહી હોવા છતાં કારોબારના અંતે સ્થિતિ સુધારાવાળી રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા સરકારને ૧.૭૬ લાખ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપનીના શેરમાં સાત ટકાનો ઉછાળો રહ્યો હતો. સીતારામને શુક્રવારના દિવસે મોડી રાત્રે અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકાર દ્વારા સરચાર્જ લાગૂ કરવામાં આવ્યા બાદ એફપીઆઈ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી હતી. હાલમાં જ નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા એફપીઆઈ અને સ્થાનિક રોકાણકારો માટે બુસ્ટરની જાહેરાત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

વિદેશયાત્રા બાદ મોદી અરૂણ જેટલીના આવાસ પર પહોંચ્યા

અરુણ જેટલીને શ્રદ્ધાંજલિ આપીને યાદ કર્યા : મોદીની જેટલીના પરિવારના સભ્યોની સાથે પણ વાતચીત

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વિદેશમાંથી પરત ફર્યા બાદ તરત જ હાલમાં મૃત્યુ પામેલા અરૂણ જેટલીના આવાસ પર પહોચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીના ખાસ વિશ્વાસ અને નજીકના મિત્ર પૈકી એક તરીકે જેટલી હતા. દિલ્હીના એમ્સમાં પૂર્વ કેન્દ્રીયમંત્રીનું અવસાન થયાના ત્રણ દિવસ બાદ મોદી આજે તેમના આવાસ ઉપર પહોંચ્યા હતા જ્યારે જેટલીનું અવસાન થયું ત્યારે મોદી ફ્રાંસ, યુએઇ અને બહેરીનની યાત્રાએ હતા. એ વખતે મોદીને તેમની યાત્રાને ન ટુંકાવવા માટે કહેવામાં આવ્યું હતું. મોદીએ એ વખતે જેટલીના પરિવારના સભ્યો સાથે વાતચીત કરી હતી. જેટલીના અંતિમ સંસ્કાર રવિવારના દિવસે કરવામાં આવ્યા હતા. આજે સવારે મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જેટલીના આવાસ પર પહોંચ્યા હતા અને પીઢ નેતાના પત્નિ અને બાળકોને મળ્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે, ભારત માટે જેટલીના કામને ક્યારેય ભુલી શકાશે નહીં. શનિવારના દિવસે શ્રેણીબદ્ધ ટ્વિટમાં મોદીએ તેમના લાંબા સમયના મિત્ર જેટલીના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું હતું. જેટલીએ ઇમરજન્સીના ગાળા દરમિયાન લોકશાહીને બચાવવામાં ભૂમિકા અદા કરી હતી. ભાજપ અને અરુણ જેટલી એકબીજા સાથે જોડાયેલા પર્યાય તરીકે હતા. મોદીએ એણ પણ કહ્યું હતું કે, પાર્ટીને મજબૂત કરવામાં તેમની અભૂતપૂર્વ ભૂમિકા રહેલી છે. બહેરીનમાં એક કાર્યક્રમમાં નિવેદન વેળા મોદી ભાવનાશીલ બન્યા હતા. જન્માષ્ટિના દિવસે તેમનુ લાંબી માંદગી બાદ અવસાન થયુ હતુ. દિલ્હીમાં સારવાર દરમિયાન એમ્સ હોસ્પિટલ ખાતે તેમનુ અવવાસન થયુ હતુ. છેલ્લા કેટલાક દિવસથી જેટલી એમ્સમાં સારવાર લઇ રહ્યા હતા. તેમની તબિયત હાલમાં બગડી ગઇ હતી. મોદી આજે સવારે વિદેશથી પરત આવ્યા બાદ જેટલીના આવાસ પર પહોંચી ગયા હતા. જેટલીને શ્રદ્ધાંજલિ આપી હતી. જેટલીને શ્રદ્ધાંજલિ આપવા માટે મોદી પહોંચ્યા ત્યારે તેમની સાથે અન્યો પણ હતા.

મોદી સરકાર નિષ્ણાતોની વાત માનતી નથી- દેશની આર્થિક હાલત ખુબ કફોડી છે : કોંગ્રેસ

રિઝર્વ બેંકની પાસેથી પૈસા સરકારને એ વખતે જ મળે છે જ્યારે હાલત કફોડી બની જાય છે : આનંદ શર્માનો દાવો

નવી દિલ્હી, તા. ૨૭

કોંગ્રેસ પાર્ટી આરબીઆઈ પાસેથી સરકારને મળી રહેલા ૧.૭૬ લાખ કરોડ રૂપિયાને લઈને સાવધાન થઈ ગઈ છે અને

આક્ષેપોનો મારો શરૂ થઈ ગયો છે. ૧.૭૬ લાખ કરોડ રૂપિયાના મામલાને ઉઠાવીને દેશની અર્થવ્યવસ્થા ખરાબ હાલતમાં હોવાનો દાવો કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવી રહ્યો છે. યુપીએ સરકારમાં વાણિજ્યમંત્રી રહી ચુકેલા આનંદ શર્માએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું છે કે, દેશની આર્થિક સ્થિતિ ઉપર અનેક પ્રકારની આશંકાઓ પ્રગટ કરવામાં આવી ચુકી છે. કોંગ્રેસના લોકો પહેલા પણ કહી ચુક્યા છે કે, સરકાર દેશને દેવાળુ ફુંકવાની દિશામાં આગળ વધારી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી સતત નજરઅંદાજ દરેક બાબતને કરી શકે નહીં. આ સંદર્ભમાં શ્વેતપત્ર લાવીને વાસ્તવિક સ્થિતિને રજૂ કરવાની માંગણી કરવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કહ્યું છે કે, મોદી સરકાર આવતાની સાથે જઅર્થ વ્યવસ્થા ચારેબાજુથી ધરાશાયી થઈ ગઇ છે. બિમલ જાલન સમિતિની ભલામણ ઉપર તેઓએ પ્રશ્નો ઉઠાવ્યા છે અને કહ્યું છે કે, આ પહેલા બનેલી કોઈપણ સમિતિએ કન્ટેજન્સી રિઝર્વ બફર ૮ ટકાથી નીચે લાવવા સુધી વિચારણા પણ કરી નથી. એક વખતમાં પૂર્ણ સરપ્લસ રકમ સરકારને ટ્રાન્સફર કરવામાં આવી રહી છે. આ ખુબ જ ભયાનક આર્થિક સ્થિતિના સંકેત મળે છે. આનંદ શર્માએ દાવો કરતા કહ્યું હતું કે, રિઝર્વ બેંકના બફર સ્ટોક ડેન્જર ઝોનમાં છે. હજુ સુધી તમામ કમિટિઓ જે બનાવાઈ છે તે કમિટિઓ દ્વારા સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, આઠ ટકાથી નીચે સીઆરબીની સ્થિતિ રહેવી જોઈએ નહીં.

કેજરીવાલે પાણીના બિલના નાણાં માફ કર્યા

ન્યુ દિલ્હી,તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીવાસીઓને વધુ એક ભેટ આપી છે. તેમણે દિલ્હીની જનતાને પાણીના બિલના બાકી નાણાં માફ કરી દેવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે પાણી બિલ પરથી એરિયર હટાવી લેવામાં આવ્યું છે. જે લોકોના ઘરમાં ફંક્શનલ મીટર છે તે તમામ લોકોને આ યોજનાનો લાભ મળશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જાહેરાત

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉંટા દ્વારા મહિલા અધિવેશન સોલા કેમ્પસ અમદાવાદ ખાતે તારીખ : ૩૧/૮/૨૦૧૯ને શનિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે રાખેલ છે. ઉમિયા માતાજી મંદિર, ગાંધીનગરથી બપોરે ૧૨-૩૦ કલાકે બસો ઉપડશે. મહિલાઓને નામની નોંધણી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ખાતે રૂબરૂ અથવા ઓફીસ ખાતે - ૨૩૨ ૪૫૩૦૦ તથા મેનેજર (મો. ૯૯૨૪૭ ૫૧૦૩૯)નો સંપર્ક કરી નામ, સરનામુ, મોબાઈલ નંબર નોંધાવવા વિનંતી છે. સાંજે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

(ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ
(ભોળાભાઈ આઈ. પટેલ) મહામંત્રી